Welcare TODAY
LIVE RIGHT, LIVE HEALTHY
₹ 20.00



# “ રીવીઝન સર્જરી ” વેલકેર હોસ્પિટલમાં જ કેમ...?



## કોરોના મહામારી સામેની ઝુંબેશમાં વેલકેર અગ્રેસર...





Issue No. 2 | Volume No. 6 | Published on 1 April 2021

## Contents


- કોરોના મહામારી સામેની ઝુંબેશમાં વેલકેર અગ્રેસર... [2]
- Editorial - Dr. Harshida Mody [3]
- રીવીઝન સર્જરી : વેલકેર હોસ્પિટલમાં જ કેમ...? [4-5]
- “ડૉ.મોદીએ સર્જરી અંગે કોન્ફિડન્સથી વાત કરતાં જ...”- હરિદાસ ટોપરાની [6]
- “અમારા માટે આ હોસ્પિટલ જ એક મંદિર..” : કોરોના પેશન્ટ [7]
- કોવિડ-૧૯ની રસીકરણ ઝુંબેશમાં વેલકેરની ભાગીદારી...- સ્વાસ્થ અધિકાર દિવસ [8]

# કોરોના મહામારી સામેની ઝુંબેશમાં વેલકેર અગ્રેસર...

કોવીડ-૧૯ એટલેકે કોરોના મહામારીએ દેશ-દુનિયામાં પોતાનો કહેર વર્તાવ્યો છે. અત્યારે બીજા રાઉન્ડરૂપે ત્રાટકેલા કોરોનાથી સર્વત્ર હાહાકાર ફેલાયો છે. સરકારી-ખાનગી હોસ્પિટલો હાલ દર્દીઓથી ઉભરાઈ રહી છે. આવા કપરા સમયે સમાજ પ્રત્યેની પોતાની ફરજના ભાગરૂપે ઓર્થોપેડિકક્ષેત્રે જાણીતી વડોદરાની વેલકેર હોસ્પિટલે સરકાર અને મ્યુની. કોર્પોરેશન સાથે હાથ મિલાવ્યા છે. અને તેમની ગાઈડ લાઈન મુજબ કોરોના દર્દીઓ માટે ૨૪x૭ કલાક ૭૫ બેડની સેવાઓ કાર્યરત કરવામાં આવી છે. અહીંની અત્યાધુનિક ફેસેલીટી, એક્સપર્ટ ડોક્ટર્સ અને વેલટ્રેઈન્ડ સ્ટાફ દ્વારા અપાતી ટ્રીટમેન્ટ સાથે સ્વચ્છ પેશન્ટરૂમ સાથે તેમને અનુકૂળ વાતાવરણ વગેરે જેવી વિશેષતાઓને કારણે મહત્તમ પેશન્ટ અહીથી સાજા-સ્વસ્થ થયા છે. આ હકીકત વેલકેર હોસ્પિટલ અને તેની સમગ્ર ટીમની કાબેલિયતને સાચી પુરવાર કરે છે.



નર્સિંગ ચેકઅપ



સાર સંભાળ



ટીમ વર્ક



સ્વચ્છતા

## એકજ સ્થળે.. કોરોનાની તમામ સુવિધાઓ ઉપલબ્ધ.

એમ્બ્યુલન્સ, એક્સ-રે, કોવીડ જરનલવોર્ડ, કોવીડ સ્પેશ્યલરૂમ, આઈ.સી.યુ, વેન્ટીલેટર, એક્સપર્ટ ડોક્ટર્સટીમ અને વેલટ્રેઈન્ડ સ્ટાફ, વેક્સિનેશન, ફાયર સેફ્ટી, ફાર્મસી, કેન્ટીન, મેઈન્ટેનન્સ,

મોબાઈલ નં : ૯૯૦૯૯ ૧૧૦૬૫ | ૯૮૨૫૧ ૨૪૦૬૫ | ૯૩૨૭૪ ૩૫૫૬૭ | ૯૧૭૩૭ ૩૮૭૧૬

# Welcare TODAY


### Editorial Board

**Editor**
Dr Harshida Mody
**Editorial Team**
Dr Meena Sheth
Shri Ajitbhai Kapadia
Dr Bibhas Shah
Dr Kshitij Mody



communication@welcarehospital.co.in


### Contact Us

Do you have any query about any medi cal illness? Are you in two minds about get ting a medical treat ment? Please email to us. Welcare Hospital's Medical Specialists will help solve your dilemma.

**તબીબી સલાહ માટે અમારો સંપર્ક જરૂર કરો**

શું કોઈ બીમારી માટે કઈ સારવાર લેવી તેની મુંઝવણમાં છો ? વેલકેરના નિષ્ણાત તબીબોની ની:શુલ્ક સચોટ સલાહ માટે ઈમેલ કરો.


**Welcare Hospital**

*Gujarat's Hospital for Special Surgeries*

Atladara-Vadsar Ring Road,
Atladara, Vadodara-390012
[Gujarat]
- 0265 2337172
www.welcarehospital.co.in


**Appointments**
9:00 AM to 6:00 PM
**9327435570**
**9328921614**

# Editorial



**Dear Friends,**

The true strength of a society is revealed during times of extreme stress such as the one inflicted by the present pandemic. We all are doing our best to help each other tackle the problems thrown at us in these difficult times.

We have created an eighty beds facility for Covid-19 affected patients. It is with a sense of satisfaction and happiness with which I state that the Welcare Team has been able to successfully help hundreds of patients reach home safely with a smile. This issue covers two such patient experiences which convey the essence of Covid-19 care. Covid-19 patients need meticulous medical and nursing treatment involving administration of appropriate drugs in a timely fashion. They also need high tech equipment in case they happen to develop serious complications. Perhaps, most importantly, they need a smiling face and a warm-hearted response from the treating team during this terrifying period. I am happy to say that the Welcare Hospital and Team have passed all three tests with flying colors!

The surgical procedure of total joint replacement has become quite ubiquitous. However, the quality of the primary procedure that is available varies greatly from place to place. Unfortunately, many procedures are done in inadequate places by inadequately trained personnel. This is resulting in increasing number of revision joint replacement surgery being required. Revision joint replacement is an extremely complicated surgical procedure and therefore demands a very high level of surgical experience of the surgeon and the team along with availability of world-class high-tech equipment. Welcare Hospital and our team led by Dr Bharat Mody, the next-gen surgeon Dr Kshitij Mody and other experienced team members have proved themselves to be a magnet for such patients from around the world who require revision joint replacement surgery. This issue brings you two such cases which will help you understand the complexity of revision joint replacement surgery. Wishing all of you a safety in health in these dangerous times.

**Yours sincerely,**
**Dr. Harshida Mody**

# " રીવીઝન સર્જરી " વેલકેર હોસ્પિટલમાં જ કેમ...?

## રીવીઝન સર્જરી એટલે શું...? તે શા માટે કરાવવી પડે છે...? તેમાં શું સાવચેતી રાખવી જરૂરી છે...? અને તે ક્યાં કરાવવી યોગ્ય છે...? વગેરે જેવા ઓપરેશન પહેલાંના આ અતિમહત્વના સવાલોના જવાબ આવો સમજીએ...



ડૉ.ક્ષિતિજ મોદી (ની એક્સપર્ટ- આથ્રોસ્કોપી સર્જન)

સમાજમાં છેલ્લા વીસ વર્ષથી જોઈન્ટ રીપ્લેસમેન્ટ એટલે કે કૃત્રિમ સાંધાના ઓપરેશન એટલે શું..? આ બાબતની સમજ આજે સામાન્ય નાગરિકોને પણ લગભગ આવી ચુકી છે. હજી રીવીઝન સર્જરી અંગે સમજ ઓછી છે. અને દેશભરમાં જે સંખ્યામાં પહેલીવારની જોઈન્ટ રીપ્લેસમેન્ટ પ્રાયમરી સર્જરી કરવામાં આવી છે તે જોતા હવે મોટી સંખ્યામાં રીવીઝન સર્જરી કરવાની જરૂરિયાત ઉભી થઇ રહી હોવાનું જણાય છે. આ " રીવીઝન સર્જરી " એટલે શું..? આ વિશેની સમજ આપણે અહી વિગતવાર જાણીશું.

કોઈપણ દર્દીની પહેલી વાર જ્યારે જોઈન્ટ રીપ્લેસમેન્ટ સર્જરી કરવામાં આવે છે. તે વર્ષો સુધી સફળતાપૂર્વક પોતાનું કામ કરે છે. જેમાં દર્દી આ સમય દરમ્યાન દુ:ખાવા વગર શાંતિથી આનંદપૂર્વક હરી-ફરી શકે છે. પણ સમય જતાં આ સાંધામાં કેટલાંક કારણોસર ફરીથી આજ સાધો બહાર કાઢી તેની જગ્યાએ નવો સાધો મુકવામાં આવે છે. આ સર્જરીને "રીવીઝન સર્જરી" કહેવામાં આવે છે. રીવીઝન સર્જરીના ચોક્કસ કારણો હોય છે. જેવાકે ૧) કૃત્રિમ સાંધાનું ઢીલું થઇ જવું. ૨) કૃત્રિમ સાંધાની સપાટી ઘસાઈ જવી. ૩) હાડકાંમાં પોલાપણું વધવું. 4) કૃત્રિમ સાંધામાં ચેપ લાગવો.

રીવીઝન સર્જરી અને પ્રાયમરી સર્જરી વચ્ચેનો તફાવત બહુ મોટો છે. કારણ કે શરીરના સ્નાયુઓથી લઇ હાડકાંની જે પરિસ્થિતિ આ બન્ને સર્જરી વખતે તદ્દન જુદી હોય છે. પહેલીવારની સર્જરી વખતે કુદરતી સ્નાયુઓ કે જે નોર્મલ હોય છે અને હાડકાંની પરિસ્થિતિ અકબંધ અને ઘસાયા વગરની હોય છે. જ્યારે રીવીઝન સર્જરી વખતે ઓપરેશન કરેલા સ્નાયુઓ બરડ- કઠણ અને હાડકાંમાં જુદા-જુદા લેવલ સુધીના ખાડા પડી ગયા હોય છે. તો કયારેક ચેપ લાગેલો હોય ત્યારે જંતુઓને કારણે સોજો કે પરું હોવાથી આ સર્જરી વધુ જટિલ બની જતી હોય છે.

આ બાબત ઉદાહરણ દ્વારા સમજીએ તો પ્રાયમરી સર્જરી એટલે નવા કાપડમાંથી શૂટ તૈયાર કરવાનું કામ એક ટેલર માટે આસાન હોય છે પણ જો કોઈ આ કાપડને અન્ય ડીઝાઇનમાં એટલે કે લેઘા-ઝભ્ભા માટે કાપીને તૈયાર કર્યું હોય અને તેમાંથી શૂટ બનાવવાનું કામ જેટલું અઘરું છે એટલું જ પ્રાયમરી અને રીવીઝન સર્જરીમાં છે. એટલે કે પ્રાયમરી સર્જરીએ માત્ર કાપડમાંથી શૂટ બનવવા જેવી સીધી કામગીરી છે. જ્યારે રીવીઝન સર્જરી એ અન્ય ડીઝાઇનમાં કાપેલા કાપડમાંથી શૂટ તૈયાર કરવા જેવી જટિલ પ્રક્રિયા છે. આ માટે એક અનુભવી અને તજજ્ઞ સર્જનની જરૂર પડતી હોય છે. એટલું જ નહિ આવા તજજ્ઞ સર્જન સાથે એક્સપીરીયન્સ ધરાવતી ટીમ, હોસ્પીટલમાં અદ્યતન ઓપરેશન થીયેટર અને તેમાં જરૂરી સાધનો પણ પૂરતા હોય તે આવશ્યક છે. ટુંકમાં રીવીઝન સર્જરી પ્રાયમરી સર્જરી કરતાં દસ ઘણી વધારે કઠીન છે. આથી દર્દીમીત્રોએ એક વાત સમજી લેવાની બહુ જરૂરી છે કે જો રીવીઝન સર્જરીની જરૂર હોય ત્યારે એવા સર્જન અને હોસ્પીટલની પસંદગી કરવી કે જે આ બધી અગત્યની બાબતોની પૂરી કાબેલિયત ધરાવતા હોય.

આનંદની વાત એ છે કે આજે મેડીકલક્ષેત્રે એટલો બધો વિકાસ કેળવી લીધો છે કે આવી કઠીન પરિસ્થિતિમાં પણ દર્દી જો સક્ષમ ડોક્ટરની સારવાર લે તો તે ફરીથી સજા થઇ સ્વસ્થતાપૂર્વક હરી ફરી શકે છે. આવો આ બાબત એક દર્દીના સ્વાનુભવને ઉદાહરણરૂપે સમજીએ...

## રીવીઝન સર્જરી થવાના મુખ્ય કારણો



Loosening of the Prosthesis
કૃત્રિમ સાંધાનું ઢીલું થઈ જવું



Worn out Prosthesis
કૃત્રિમ સાંધની સપાટી ઘસાઈ જવી



Osteolysis
હાડકાંમાં પોલાપણું વધવું




Infection in the Prosthetic joint
કૃત્રિમ સાંધામાં ચેપ લાગવો



ડો.માઈકલ ફ્રીમેન સાથે ડો.મોદી ઈંગ્લેન્ડમાં ટ્રેનિંગના દિવસો દરમ્યાન..



ઓપરેશન પહેલાં



ઓપરેશન પછી

મૂળ ભારતીય પણ વર્ષોથી ઈંગ્લેન્ડમાં રહેતા રમીલાબેન વિનોદભાઈ પટેલના જમણા ઘુંટણનું ઓપરેશન તેઓએ ઈંગ્લેંડમાં કરાવ્યું હતું. તે વખતે તેમના પગના કૃત્રિમ સાંધામાં સાથળ અને પગના નળા સુધી એક સળીયો નાખવામાં આવ્યો હતો જે વર્ષો સુધી તેની મજબુતીને કારણે હાડકાં સાથે ટકી રહે. આ સર્જરીના વર્ષો પછી ધીરે-ધીરે કુત્રિમ સાંધા વચ્ચેનું પ્લાસ્ટીકનું પડ ઘસાઈને તુટી જતાં દુઃખાવો થવા લાગ્યો હતો. ઈંગ્લેન્ડમાં તપાસ કરાવતા એક યુવાન ડોકટરે આ કૃત્રિમસાંધો વર્ષો જુનો હોવાથી તે બિલકુલ અજાણ હોવાનું કહ્યું. તો ત્યાંની એક જાણીતી હોસ્પીટલમાં ડોક્ટરને મળતાં તેમણે રીવીઝન સર્જરી કરવી પડશે તેવું સુચન કર્યું પણ આ સાંધો બનાવતી કંપની બંધ થઈ ગઈ હોવાથી આ સાંધો મળવો મુશ્કેલ હોવાની વાત કરી. આમ, ઈંગ્લેન્ડ જેવા દેશમાં રીવીઝન સર્જરી અંગે ડોકટરો મુંઝાતા રમીલાબેનની ફેમીલી માટે એક ગંભીર સમસ્યા સર્જાઈ હતી.

વર્ષો પહેલાં કરેલી સર્જરીને કારણે જોઈન્ટ બનાવતી કંપનીએ આ જોઈન્ટ બનાવવાનું બંધ કરી દેતાં હવે રમીલાબેનના પગના કુત્રિમ સાંધા અને તેને કાઢવા જરૂરી સાધન ઉપલબ્ધ ન હતા.પરિણામે આ સર્જરી કરવામાં આવે તો તેમના પગમાં રહેલા સળિયાને કારણે બીજા હાડકાંને નુકશાન થાય તેમ હતું. ઈંગ્લેન્ડ જેવા દેશમાં રીવીઝન સર્જરી માટે આવી સમસ્યા સર્જાતાં અને સાથે દુઃખાવો વધતા રમીલાબેન હેરાન થઈ રહ્યા હતા.

આ દરમ્યાન તેમના એક સંબંધીએ વડોદરાની વેલકેર હોસ્પિટલ અંગે જણાવતાં

> માનવામાં નથી આવતું કે ઈંગ્લેન્ડ જેવા વિકસિત દેશમાં પણ ના થઈ શકે તેવી સર્જરી આપણા દેશમાં થાય છે.
> - રમીલાબેન પટેલ

રમીલાબેને તુરંત ગુગલ પર સર્ચ કરી ડો.મોદી અંગે જાણકારી મેળવી લીધી અને ફોન પર વાત કરી.. ડો.મોદી સાથે થયેલી સંતોષજનક વાત પછી તેઓને વિશ્વાસ આવી ગયો કે આ સર્જરી વડોદરામાં ચોક્કસ થશે. અને તેઓ ઈંગ્લેન્ડથી વડોદરા આવી ગયા.

ડો.ભરત મોદીએ ચેક કરતા રમીલાબેનના સાંધામાં જે જોઈન્ટ ફીટ કરવામાં આવ્યો હતો તેનું નામ “ફ્રીમેન સેમ્યુલ્સન” હતું. જોગાનુજોગ આ સાંધો બનાવનાર ડોકટર માઈકલ ફ્રીમેનના હાથ નીચે વર્ષો પહેલાં ડો. ભરત મોદીએ ટ્રેનીંગ લીધી હોવાથી આ બાબતની ટેકનીકલી રીતથી તેઓ સારી રીતે વાકેફ હતા. એટલું જ નહિ આ કુત્રિમ સાંધો બનાવનાર કંપનીના એમ.ડી પણ ડો. ભરત મોદીના પરિચિત હોવાથી તુરંત ડો.મોદીએ ઈંગ્લેન્ડ ફોન કરી જુના સાંધા અંગેની તમામ જાણકારી મેળવી લીધી. આ જુના સાંધા જેવા નવા સાંધા જોહ્નસન એન્ડ જોહ્નસન કંપની પાસે “ટેલર મેડ” ઈમ્પ્લાન્ટ તૈયાર કરાવી રમીલાબેનના ઓપરેશન માટેની પૂર્વતૈયારીઓ વેલકેર હોસ્પીટલમાં કરી દેવાયા પછી સફળતાપૂર્વક તેમનું ઓપરેશન પણ કરી દેવામાં આવ્યું. અને માત્ર ત્રણે'ક વિકના આરામ બાદ રમીલાબેનને પગમાં સારું થઈ જતાં તેઓ સારી રીતે ચાલી શક્યા.

અત્રે ઉલ્લેખનીય છે કે વેલકેર હોસ્પીટલમાં વિશ્વવિખ્યાત ઓર્થોપેડિક સર્જન ડો.ભરત મોદીના વડપણ હેઠળ આવી કોમ્પ્લીકેટેડ રીવીઝન સર્જરીઓ પણ ઘણી આસાનીથી થતી હોવાથી દેશ-વિદેશથી દર્દીઓ અહી આવે છે. અહી “૦” ઈન્ફેકશન રેટ ધરાવતા ઓપરેશન થીયેટર, લેટેસ્ટ બાયોમેડીકલ ઈન્સ્ટુમેન્ટ, વેલ ટ્રેઈન્ડ ટેકનીશયન એન્ડ નિર્સિંગ સ્ટાફ સાથે અદ્યતન ફેસીલીટી જેવી અન્ય વિશેષતાઓને કારણે આજે વેલકેર સૌની પહેલી પસંદ બની ચુકી છે.

અહી રીવીઝન સર્જરી કરાવવા આવેલા રમીલાબેન પટેલ કહે છે કે “ માનવામાં નથી આવતું કે ઈંગ્લેન્ડ જેવા વિકસિત દેશમાં પણ ના થઈ શકે તેવી સર્જરી આપણા દેશમાં થાય છે. ખરેખર વેલકેર હોસ્પિટલે આવા ગંભીર પ્રકારના ઓપરેશનો સફળપૂર્વક કરી આજના સ્પર્ધાત્મક સમયમાં એક આગવી ઓળખ બનાવી છે. આ બાબત તેના નામ એટલે કે વેલકેરને ખરા અર્થમાં સાચી સાબિત કરે છે.”





ડો.મોદી સાથે રમીલાબેન અને તેમના પતિ વિનોદભાઈ પટેલ

# "ડૉ.મોદીએ સર્જરી અંગે કોન્ફિડન્સથી વાત કરતાં જ મારૂ અડધું દુઃખ દૂર થઈ ગયું" : હરિદાસ ટોપરાની (કચ્છ- માંડવી)



ડૉ.ક્ષિતિજ મોદી સાથે હરીદાસ અને તેમના પત્ની

**ઘુંટણની તકલીફથી પરેશાન અને અમદાવાદમાં ઓપરેશન કરાવ્યા બાદ દર્દમાંથી રાહત મળવાને બદલે દુઃખી થયેલા એક પેશન્ટની આ વાત છે.**

" મને ઘુંટણની તકલીફ રહેતી હોવાથી અમદાવાદ સર્જરી કરાવી છતાં કોઈ રાહત જણાતી ન હતી. માંડવીથી અમદાવાદના ધક્કા ખાવા છતાં અંતે કંટાળી ગયા હતા. દરમ્યાન અમારી દીકરી નીલાક્ષી જે બેંગલોર રહે છે તેણે મોબાઈલમાં સર્ચ કરી ડો.ભરતભાઈ મોદી અને વેલકેર હોસ્પિટલ અંગે અમને જાણ કરતાં અમે વડોદરા આવી ગયા. વેલકેર હોસ્પિટલમાં આવી ડો.મોદીને મળતાં જ તેમણે પુરા કોન્ફિડન્સથી સર્જરી બાદ તમને સારું થઈ જશે તેવો વિશ્વાસ આપતા અમારું અડધું દુઃખ દૂર થઈ ગયું. એ પછી તેમણે સર્જરી કરી દેતાં આજે માત્ર બે જ દિવસમાં ઘણી રાહત અનુભવીએ છીએ."

ઘુંટણની તકલીફથી પરેશાન અને અમદાવાદમાં ઓપરેશન કરાવ્યા બાદ દર્દમાંથી રાહત મળવાને બદલે દુઃખી થયેલા અને અંતે વડોદરાની વેલકેર હોસ્પીટલમાં મળેલી સારી સારવારથી સંતુષ્ટ પેશન્ટના આ શબ્દો છે. કચ્છ(માંડવી) રહેતા આ પેશન્ટ હરિદાસ રણછોડદાસ ટોપરાનીના દર્દની હકીકત શરૂઆતથી જોઈએ તો ઘુંટણની તકલીફ અસહ્ય બનતાં તેઓએ અમદાવાદની એક હોસ્પીટલમાં સારવાર કરાવી. ડોક્ટરના કહ્યા મુજબ તેમની ટોટલ ની રીપ્લેસમેન્ટ (TKR)ની ટ્રીટમેન્ટ કરવામાં આવી હતી. આ પછી છ મહિના સુધી દર્દમાં રાહત ન જણાતા તેઓ સ્થાનિક ડોક્ટરને મળ્યા હતા. જ્યાં તેમને ઓપરેશનમાં ઈન્ફેક્શન હોવાનું કહી દવાઓ આપી છતાં પણ તેમાં કોઈ ફરક ન લગતા તેઓ ફરીથી અમદાવાદ ઓપરેશન કરનાર ડોક્ટરને મળ્યા.

અહી જે અનુભવ થયો તે અમારા માટે અત્યંત આઘાતજનક હતો. તેમણે CRP ડાઉન થતું ન હોવાનું કહી હાથ અદ્ધર કરી દેતાં કહ્યું કે "મારાથી જે થતું હતું તે કર્યું હવે આમાં હું કઈ કરી શકું તેમ નથી.તમે મોટા સાહેબને મળો." એટલે અમે તેમના સિનિયર ડોક્ટરને મળ્યા તો તેમણે ઘુંટણમાં ટ્રીટમેન્ટ કરેલા ભાગને બહાર કાઢી સિમેન્ટ જેવુ મટિરિયલ અંદર રાખી સારવાર કરી અને ફરીથી એક મહિનો ઘરે રહેવા જણાવ્યુ. તેમના કહ્યા મુજબ અમે કર્યું છતાં તકલીફમાં કોઈ નોંધપાત્ર ઘટાળો ન જણાતા અમે ફરીથી અમદાવાદ હોસ્પિટલ ગયા.જ્યાં તેમણે "રિવિઝન ફ્યૂઝન સર્જરી" કરવાની વાત કર્યા બાદ અમને કોઈ જવાબ જ આપવાનું ટાળવા લાગ્યા.અમારી વ્યથાની તેમના હ્રદયમાં કોઈ સહાનુભુતિ ના દેખાતા આખરે અમે તેમને ફોન કરવાનું કે રૂબરૂ મળવા જવાનું બંધ કરી જેમ બને તેમ જલ્દી દર્દની સારવાર કરાવી લેવાનું નક્કી કરી લીધું.

આ દરમ્યાન અમારી દીકરીએ મોબાઈલમાં સર્ચ કરી ડો.ભરત મોદી સાહેબની વેલકેર હોસ્પિટલ અંગે જણાવતાં અમે અહી આવી ગયા. જોકે આ સર્જરી દરમ્યાન ડો.ક્ષિતિજ મોદીએ પણ આપેલો સહકાર અમારા માટે ઘણો અગત્યનો બની રહ્યો ડો.ભરત મોદી સાહેબ સાથે તેમનું ટીમવર્કનું અમે જેમ-જેમ મૂલ્યાંકન કરતા ગયા તેમ-તેમ અમારો કોન્ફીડન્સ વધતો ગયો. અને અહીંની ઉચ્ચ ટેકનોલોજીના કારણે અમને વધારે સારું રીઝલ્ટ મળ્યું.

આમ, ઘુંટણના અસહ્ય દુ;ખાવા માટે આટલા દૂરથી અમદાવાદ જેવા મોટા શહેરમાં અમે ઘણા હેરાન થયા હતા પણ અહી ડો.મોદીની વેલકેર હોસ્પીટલમાં અમને જે ટ્રીટમેન્ટ, ફેસેલિટી અને એક પરિવાર જેવી લાગણીનો અહેસાસ મળ્યો તે બહુ મોટી વાત છે. ઘુંટણના દર્દથી હેરાન થતા અમારા જેવા દર્દીઓ માટે ડો.મોદી અને તેમની હોસ્પિટલ આજે એક આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે.

ખરેખર અહીની તમામ સુવિધાઓમાં 0% ઈન્ફેકશનરેટ ધરાવતું ઓપરેશન થિયેટર અને તેમાં ઉપલબ્ધ અદ્યતન  ટેકનૉલોજીવાળા ઈન્સ્ટુમેન્ટસ, અહીંની લેટેસ્ટ ફેસેલીટી અને દર્દીઓ માટે અનુકુળ વાતાવરણ વગેરે જેવી સુવિધાઓથી અમે અત્યંત પ્રભાવિત થયા હોવાથી અમે હાડકાંને લગતા કોઈપણ દર્દીને માત્ર અહી જ સારવાર લેવાની સલાહ આપીએ છીએ.



ઓપરેશન પછીની એક્સસાઈઝ...



ઓપરેશન પહેલાં



ઓપરેશન પછી

# "અમારા માટે આ હોસ્પિટલ જ એક મંદિર અને ડોક્ટર જ ભગવાન છે" : કોરોના પેશન્ટ

**વેલકેર હોસ્પીટલમાં કોરોના પરિવારના વડીલ પેશન્ટ તરીકે સારવાર લેવા એડમીટ થયા હતા. કેવી હતી તેમની શારીરિક અને માનસિક સ્થિતિ, કોરોના દરમ્યાન તેઓએ શું અનુભવ્યું અને કેવો રહ્યો વેલકેર હોસ્પીટલનો અનુભવ.....આવો જાણીએ.**



**કોરોના સામેનો જંગ જીતી ગયા પછી ખુશખુશાલ મુદ્રામાં વેલકેરના સ્ટાફ સાથે વ્રજલીલાબેન મહેતા**

એક પરિવારમાં દરેક વ્યક્તિનું મહત્વ આમ તો કઈં'ક ખાસ હોય જ છે. પણ કોરોનાનો રીપોર્ટ પોઝીટીવ થતાં જ ગમે તેટલી મહત્વ ધરાવતી વ્યક્તિ સાથે ઘરના દરેકનું વર્તન બદલાઈ જતું હોય છે. એનો અર્થ એ નથી થતો કે કોરોનાવાળા વ્યક્તિનું મહત્વ નથી રહેતું કે ઘરના લોકોનો તેમના પ્રત્યેનો પ્રેમ ઓછો થઇ જાય છે. અહી મહત્વનો સવાલ ઘરના બાકી રહેલા વ્યક્તિઓના જીવનની સુરક્ષા અને સલામતીનો બની જાય છે. આ હકીકતને આજે કોઈપણ વ્યક્તિ નજર- અંદાજ કરી શકે તેમ નથી. આવો જાણીએ આવા કોરોના પેશન્ટની કહાની..

વડોદરા ઈલોરાપાર્ક વિસ્તારમાં રહેતા **વ્રજલીલા**બેન મહેતા (ઉ.વર્ષ ૮૯) એક કોરોના પેશન્ટ તરીકે વેલકેર હોસ્પીટલમાં એડમીટ હતા. તેઓ અહી દસ દિવસ રહ્યા તે દરમ્યાન હોસ્પીટલના કોવીડ વોર્ડના તમામ સ્ટાફ સાથે તેઓ એટલા હળીમળી ગયા કે જ્યારે તેમને હોસ્પીટલમાંથી ઘરે જવા રજા આપવામાં આવી ત્યારે તેઓ ગદગદિત થઇ ગયા.અહી કોરોના પેશન્ટ તરીકે નહિ પણ હોસ્પીટલ પરિવારના એક સભ્ય તરીકે જે સાર-સંભાળ લેવામાં આવી તે બાબત તેમના હ્રદયને સ્પર્શી ગઈ અને અહી અનુભવેલા વ્યવહારથી તેઓ ખુબ પ્રભાવિત હતા. એટલું જ નહિ તેઓ જ્યારે ઘરે જઈ રહ્યા હતા ત્યારે સમગ્ર સ્ટાફ કે જેઓએ તેમની સારવાર અને સાર-સંભાળ રાખી હતી તેમની આંખો પણ ભીંજાઈ ગયેલી જોઈ તેઓ લાગણીવશ બની જતાં તેમની આંખમાં હર્ષના આંસુ આવી ગયા હતા. એક પેશન્ટની આંખમાં આંસુ આવી જવાએ એક હોસ્પિટલ માટે ખરેખર સીમાચિન્હરૂપ બાબત છે.

ગત વર્ષે શરુ થયેલા કોવીડ-૧૯ મહામારીના સમયથી અત્યાર સુધીમાં લગભગ એક હજારથી વધુ કોરોના પેશન્ટની વેલકેર હોસ્પિટલમાં સારવાર થઇ ચુકી છે.જેમાં મહત્તમ પેશન્ટ હસતાં મુખે સ્વસ્થ થઈ ઘરે ગયા છે. આ હકીકત વેલકેર માટે ગૌરવપૂર્ણ બાબત છે. આમ, વેલકેર હોસ્પિટલ આજે સમગ્ર વડોદરાવાસીઓ અને તેની આસ-પાસના વિસ્તારની જાહેર જનતા માટે તેઓને બિલકુલ સ્વસ્થ કરવાના સંકલ્પ સાથે કોરોના મહામારી સામે જંગ લડી એક અજેયયોદ્ધા તરીકે સતત કાર્યરત છે.



**"અહીના ડોક્ટર્સ અને સ્ટાફને સારવાર કરતા જોઈ થોડીવાર માટે એવું લાગે કે શું આ લોકોને ફેમીલી નહિ હોય..? શું તેમના પરિવારજનો તેમને આ કામ માટેની પરવાનગી આપતા હશે..? જેવા સવાલો બે ઘડી માટે વિચાર કરવા મજબુર કરી દે."**

**- સુનિલ તાનાજી (કોરોના પેશન્ટ)**

વેલકેરમાં એડમીટ થયેલા એક બીજા પેશન્ટની વાત કરીએ તો.. મારું નામ સુનીલ તાનાજી (રહે.તાનાજીની ગલી,વડોદરા) કોરોના મહામારીની ઝપેટમાં અમારું ફેમીલી આવ્યું તે જાણીને બહુ આઘાત લાગ્યો. શરૂઆતમાં હોમ કોરોન્ટાઈન થયા બાદ મારા પત્ની અને પુત્રવધુને પણ કોરોના પોઝીટીવ આવતાં આખું ફેમીલી ટેન્શનમાં આવી ગયું. અમે તુરંત વેલકેર હોસ્પીટલમાં સંપર્ક કરી એડમીટ થઇ ગયા. એક વિક અહી રહ્યા તે દરમ્યાન ડોક્ટર અને સ્ટાફનો અમને ઘણો જ સારો અનુભવ રહ્યો. એક કોરોના પેશન્ટની આટલી સારી રીતે સારવાર કરવી એ કઈ સામાન્ય વાત નથી.

કોરોના મહામારીની ગંભીરતા અંગેની હકીકત જાણતા હોવા છતાં પેશન્ટને કોઈ અગવડ ના પડે તેની નાનામાં નાની જરૂરિયાતનો ખ્યાલ રાખી સમગ્ર સ્ટાફ ખડે પગે હાજર હોય છે. કોરોનાની અસર છે તેવી ખબર પડતાં જ પોતાના પરિવારજનો દુર ખસી જાય તેવા સંજોગોમાં અહી ડોક્ટર્સ અને સ્ટાફ તમારી સેવામાં લાગેલા જોઈએ ત્યારે તેઓ સાક્ષાત ભગવાન સ્વરૂપ ચોક્કસ લાગે. એટલું બોલતા જ તેમના આંખના ખૂણા લાગણીવશ આંસુથી ભરાઈ ગયા.

આ લોકોની સેવા ભાવનાને જોતા અમારું હ્રદય ભરાઈ જાય છે. મે તેમની સારવારથી ખુશ થઇ બક્ષીસ આપવાની વાત કરતા તેઓએ સાફ ઇન્કાર કરી દીધો પણ મારાથી ના રહેવાયું. આખરે મે ચોકલેટનું બોક્સ મંગાવી દરેકને આપી. ખરેખર દિલથી સલામ છે આ કોરોના ફ્રન્ટલાઈન ફાઈટર્સની ટીમને ....!!

વેલકેર હોસ્પિટલમાં ડોક્ટર્સ અને સ્ટાફની ફરજ સાથે સારવાર માટેની તૈયારીઓની આ વાત હતી. તેવી જ રીતે અહીંની ફેસેલીટી, અત્યાધુનિક સાધનો અને દર્દીઓને અનુકુળ વાતાવરણ સાથે એક દર્દી માટે ફેમીલી મેમ્બર જેવો લાગણીભર્યો વ્યવહાર .....આ બધું એક હોસ્પીટલમાં આજના જમાનામાં મળવું મુશ્કેલ છે. આજે મને સારું થઈ જતાં હોસ્પીટલમાંથી રજા આપવામાં આવવાની છે ત્યારે અંતમાં હું એટલું જ કહીશ કે " અમારા પરિવાર માટે વેલકેર હોસ્પિટલ આજે એક મંદિર છે અને ડોક્ટર્સ અમારા માટે ભગવાન છે."

# વેલકેર હોસ્પિટલનો સ્વાસ્થ્ય અધિકાર દિવસ

**દર મહિનાના પહેલા શનીવારે સ્વાસ્થ્ય અધિકાર દિવસ તરીકે ઉજવાશે**

Welcare Hospital
we care

**નિ:શુલ્ક સેવાઓ :** હાડકાં અને સાંધાના રોગનું ચેકઅપ, એક્સ-રે તપાસ અને જનરલ મેડીસીન રોગોની તપાસ, વહેલા તે પહેલાના ધોરણે રજીસ્ટ્રેશન કરાવો, ફોન- ૦૨૬૫ ૨૩૩૭૧૭૨
વેલકર હોસ્પિટલ, અટલાદરા વડસર રોડ, વડોદરા.

**આગામી સ્વાસ્થ્ય અધિકાર દિવસ**
**૧ મે અને ૫ જૂન ૨૦૨૧**

**એપોઇન્ટમેન્ટ વગર નિ:શુલ્ક તપાસ થઈ શકશે નહીં**

## કોવિડ-૧૯ની રસીકરણ ઝુંબેશમાં વેલકેરની ભાગીદારી...




કિરણ મોરે - ભારતીય ક્રિકેટ ટીમના ભૂતપૂર્વ પ્લેયર




અતુલ દાલમિઆ - ચેરમેન, રુબામીન ઈન્ડસ્ટ્રીઝ



તેજલ અમીન - ચેરપર્સન, નવરચના યુનિવર્સિટી



વેઈટિંગ એરિયા



આઈડી વેરિફિકેશન

## ડોક્ટરમિત્રો માટે ખુશખબર

ઈન્ડિયન મેડીકલ હેલ્થ એસોસિએશન (IMB-GSB) અમદાવાદ દ્વારા હેલ્થ સ્કીમ અંતર્ગત ગુજરાત રાજ્યની ખ્યાતનામ હોસ્પિટલો પૈકી ઓર્થોપેડિકક્ષેત્ર વૈશ્વિકકક્ષાએ જાણીતી વડોદરાની વેલકેર હોસ્પીટલનું નામ સામેલ કરવામાં આવ્યું છે. આથી આ હેલ્થ સ્કીમ હેઠળ વેલકેર હોસ્પિટલ, વડોદરાની સેવાઓનો લાભ તમામ ડોક્ટરમિત્રો લઈ શકશે.

## Book Post

**To**

**if undeliverable, please return to**
The Editor, Welcare Today
**Welcare Hospital**
Atladara-Vadsar Ring Road,
Atladara, Vadodara-390012
[Gujarat]
- 0265 2337172
www.welcarehospital.co.in


Edited Printed & Published by Dr. Harshida B Mody
Welcare Hospital, Atladara- Vadsar Ring Road, Atladara, Vadodara-390012[Gujarat] - 0265 2337172
Printed at Print Vision Pvt Ltd, Print Vision House, Opp. Central Bank of India, Ambawadi, Ahmedabad-380006